# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૧૭/૦૩/૨૦૨૫ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૬૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ પ૨ કેસ કરી, પ૨ વ્યક્તિઓને ઝડપી, ૨૮૮ લીટર દેશી દારૂ, ૩૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૨૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૦૮ બિયર ટીન, ૧ પીલા અપ ગાડી, અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૫,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૬૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૩૬૨/૨૦૨૫**

**ગાયકવાડ હવેલીઃ** અમજદ હુસૈન ઇકબાલહુસૈન ઇન્દોરવાલા (ઉ.વ.૪૮) (રહે. પુબિયાવાડ કોટની રાંગ જમાલપુર) એ તા.૧૬/૦૩/૨૦૨૫ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૨/૨૦૨૪ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે આરોપી (૧) સમીર ઉર્ફે રાજુ મુસતુફામિયા મલેક અને (૨) મુબીના સમીર મલેક (બન્ને રહે. અમન પાર્ક સોસાયટી કોલેજ રોડ, મોડાસા) એ ભેગા મળી આસ્ટોડિયા બેંગલોર કલેક્શન નામની દુકાન ખાતે અમજદહુસૈન ઇન્દોરવાલાના પુત્રને ઓસ્ટ્રેલીયા ખાતે અભ્યાસ સારું મોકલી આપવાનો વિશ્વાસ આપી તા.૨૭/૦૨/૨૦૨૪ થી તા.૨૨/૦૮/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન પ્રોસેસ માટે અમજદહુસૈન ઇન્દોરવાલા પાસેથી રૂપિયા ૨૨,૯૦,૫૦૦/- મેળવી લઈ અમજદહુસૈન ઇન્દોરવાલાના પુત્રને ઓસ્ટ્રેલીયા નહી મોકલી તેમજ આપેલ રૂપિયા પરત નહી આપી છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એચ.શાહ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૩૬૩/૨૦૨૫**

**સરખેજઃ** જતિનભાઇ રમેશભાઇ પંડયા (રહે. વ્રજધામ સોસાયટી ઉજાલા સર્કલ પાસે સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૩/૨૦૨૫ સાંજના ૬/૩૦ થી રાતના ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન એસ.પી.રીંગ રોડ એપલવુડ પાસે સવાના પાર્ટી પ્લોટ યો યો હનીસિંગ મીલીયનએર.૨ પ્રોગ્રામ વાળી જગ્યાએથી જતિનભાઈ તથા અન્ય પ્રેક્ષકોના મળી મોબાઈલ ફોન નંગ-૩૭ કિમત રૂપિયા ૬,૫૮,૦૦૦/- અજાણી વ્યક્તિ નજર ચુકવી ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એચ.શર્મા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૩૬૪/૨૦૨૫**

**વાડજઃ** જુના વાડજ સોરાબજી કમ્પાઉન્ડ સુર્યલોક ટાવર પાછળ પટેલ ભવન ભીલવાસ ખાતે રહેતા મુકેશભાઈ વિરુભાઈ પરમાર નાઓની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૧૬/૦૩/૨૦૨૫ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૭/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એલ.યાદવ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** રવિ સ/ઓ રામસજીવન ગૌતમ (ઉ.વ.૨૧) (રહે. મકાન નંબર ૧૫૨/૧૩ ચામુંડા ચોક ગોતા હાઉસીંગ મકાન ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૩/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગ્યા પહેલા રહેણાંક ખાતે છતના હુકમાં મફલર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અજયસિંહ ઈશ્વરસિંહ ચલાવે છે.

**સરદારનગરઃ** મહેન્દ્રભાઈ સ/ઓ ખાનુભાઈ મીણેકર (ઉ.વ.૬૩) (રહે. સંતોષી માતાના મંદિરના પરીસરમાં સંતોષીનગર કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૩/૨૦૨૫ કલાક ૬/૪૦ વાગ્યા પહેલા રહેણાંક ખાતે છતની લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી પી.એ.શાહ ચલાવે છે.

**નિકોલઃ** વિજયભાઈ સુરેશભાઈ વાડેકર (ઉ.વ.૪૨) (રહે.પરષોત્તમનગર વિરાટનગર રોડ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૩/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં કાપડનો પટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીતેન્દ્રકુમાર ગણપતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી